વિદ્યાર્થી વાંચનમાળા શ્રેણી ચોથી ૧૯-૭૯

# શ્રી વિજયધર્મસૂરિ

જ્યોતિ કાર્યાલય
અમદાવાદ

:: લેખક ::

**ધીરજલાલ ટો. શાહ.**

સર્વ હક્ક સ્વાધીન કિમ્મત સવા આનો.

સંપાદક : ધીરજલાલ ટોકરશી શાહ

# વિદ્યાર્થી વાંચનમાળા.

છૂટક એક શ્રેણી ૧-૮-૦ } :: { અગાઉથી દશ શ્રેણીના ૧૫-૦-૦
પોસ્ટેજ પાંચ આના વધુ (પોસ્ટેજ સાથે)

:: અગાઉથી દશ શ્રેણી પાકા પુંઠાવાળી ૧૭-૮-૦ ::

| પ્રથમ શ્રેણી | બીજી શ્રેણી | ત્રીજી શ્રેણી |
|---|---|---|
| ૧ શ્રીરામ | ૨૧ આદ્યકવિ વાલ્મીકિ | ૪૧ મહામુનિ વશિષ્ઠ |
| ૨ શ્રીકૃષ્ણ | ૨૨ મુનિરાજ અગસ્ત્ય | ૪૨ મદાલસા |
| ૩ ભગવાન બુદ્ધ | ૨૩ શકુન્તલા | ૪૩ રાજકુમાર ધ્રુવ |
| ૪ ભગવાન મહાવીર | ૨૪ દાનેશ્વરી કર્ણ | ૪૪ સતી સાવિત્રી |
| ૫ વીર હનુમાન | ૨૫ મહારથી અર્જુન | ૪૫ દ્રૌપદી |
| ૬ ભડવીર ભીષ્મ | ૨૬ વીર અભિમન્યુ | ૪૬ વીર વિક્રમ |
| ૭ સતી દમયંતી | ૨૭ સત્યવાદી હરિશ્ચંદ્ર | ૪૭ રાજા ભોજ |
| ૮ કચ-દેવયાની | ૨૮ ભક્ત પ્રહ્લાદ | ૪૮ કવિ કાલિદાસ |
| ૯ સમ્રાટ અશોક | ૨૯ પિતૃભક્ત શ્રવણ | ૪૯ વીર દુર્ગાદાસ |
| ૧૦ ચક્રવર્તી ચંદ્રગુપ્ત | ૩૦ ચેલૈયો | ૫૦ મહારાણા પ્રતાપ |
| ૧૧ રાજા ભર્તૃહરિ | ૩૧ મહાત્મા તુલસીદાસજી | ૫૧ સિક્રીમનો સપૂત |
| ૧૨ સંત તુકારામ | ૩૨ ગોપીચંદ | ૫૨ દાનવીર જગડૂ |
| ૧૩ ભક્ત સુરદાસ | ૩૩ સતી પદ્મિની | ૫૩ સિદ્ધરાજ જયસિંહ |
| ૧૪ નરસિંહ મહેતા | ૩૪ સ્વામી રામકૃષ્ણ પરમહંસ | ૫૪ જગતશેઠ |
| ૧૫ મીરાંબાઈ | ૩૫ સ્વામી વિવેકાનંદ | ૫૫ પંડિત મોતીલાલજી |
| ૧૬ સ્વામી સહજાનંદ | ૩૬ સ્વામી રામતીર્થ | ૫૬ સર જગદીશચંદ્ર બોઝ |
| ૧૭ શ્રી દયાનંદ સરસ્વતી | ૩૭ શ્રીમદ્ રાજચંદ્ર | ૫૭ શ્રી અરવિંદ ઘોષ |
| ૧૮ લોકમાન્ય ટિળક | ૩૮ પંડિત મદનમોહન માલવીય | ૫૮ વીર વિઠ્ઠલભાઈ |
| ૧૯ મહાત્મા ગાંધી | ૩૯ સરદાર વલ્લભભાઈ | ૫૯ પ્રો. ધોંડો કેશવ કર્વે |
| ૨૦ રવીન્દ્રનાથ ટાગોર | ૪૦ શ્રીમતી સરોજિની નાયડુ | ૬૦ શ્રી. એનીબીસેન્ટ |

# શ્રી વિજયધર્મ સૂરિ

તજીને માટીખાણ, કંચન ભૂપ શીર ચડે;
તેનાં દીધ પ્રમાણ, ધર્મવિજય તેં ધરતીમાં.

મોટા મોટા રાજવીઓને મસ્તકે ચડેલા મુગટનું સોનું શરૂઆતમાં માટીમાંથી મળી આવે છે. એ વખતે જોનાર કોઈ જાણી શકતું નથી કે એમાં અઢળક સોનું છુપાયેલું હશે. પરંતુ જ્યારે તે માટીખાણમાંથી બહાર આવે છે અને વિધ વિધ જાતના પ્રયોગોમાંથી પસાર થાય છે ત્યારે એકાએક તેમાંથી જુદું પડી આવે છે અને જોનારાઓ આશ્ચર્યથી મુગ્ધ થઈ જાય છે. પછી તો જગત્ આખું તેને પ્રાપ્ત કરવા દોડાદોડ કરે છે.

વિક્રમની વીસમી સદીમાં થયેલા અહિંસા ધર્મના પ્રખર પ્રચારક, અને ધુરંધર પંડિત જૈનાચાર્ય શ્રી વિજયધર્મ સૂરિની જીવનકથા પણ આવા જ પ્રકારની છે.

તેમનો જન્મ ઇ. સ. ૧૮૬૭ ની સાલમાં કાઠિયાવાડના મહુવા બંદરમાં રહેતા એક સાધારણ સ્થિતિના જૈન કુટુંબમાં થયો હતો. તેમના પિતાનું નામ રામચંદ્ર અને માતાનું નામ કમળાદેવી હતું. બે મોટા ભાઇ અને ચાર બહેનો વચ્ચે ઉછરતાં તે મોટા થયા હતા. તેમનું મૂળ નામ હતું મુળચંદ.

કુટુંબની સામાન્ય સ્થિતિને અંગે તથા બહોળા વસ્તારમાં માતાપિતા તેમની જોઇએ તેવી દેખરેખ રાખી શક્યા નહિ. તેના પરિણામે શેરીઓમાં રખડતા સામાન્ય છોકરાઓ સાથે ઉછરતાં જ તે મોટા થયા. એ છોકરાઓમાં કેટલાક જુઠા, ચોર અને બજારમાંથી વીણીને બીડીઓનાં ઠુંઠા પીનારા હતા. આ સોબતની અસર મુળચંદને થયા વિના કેમ રહે ?

મૂળચંદ આઠ વર્ષની ઉમ્મરનો થયો ત્યારે પિતાએ તેને નિશાળે ન મૂકતાં પોતાની દુકાને જ બેસાડયો. મુળચંદનાં લક્ષણો જોઈ તેમને માનેલું કે આ છોકરો ભણીને કંઈ કરે તેમ નથી! પણ વનના પોપટને પાંજરામાં પૂરાવું કેમ ગમે? સદા શેરીઓમાં ભટકનાર મુળચંદને એક ઠેકાણે બેસી રહેવું ગમતું નહિ. લાગ મળતાં જ તે દુકાનેથી નાસી જતો અને ગમે ત્યાં રમવા લાગી જતો.

આ વખતે તેને જુગારની બુરી લત લાગુ પડી. પહેલાં તે પાઈ પૈસાથી જુગાર રમવા લાગ્યો, પછી આના પર આવ્યો અને છેવટે અમુક રૂપિયાની હારજીત કરવા લાગ્યો. પોતાની આ ટેવની માતા પિતાને ખબર ન પડી જાય તેની એ ખૂબ સંભાળ રાખતો. એક વખત જુગારમાં તે મોટી રકમ હારી ગયો. આ વાતની તેના પિતાને ખબર પડી અને તેમણે મુળચંદને બહુ આકરા શબ્દોમાં ઠપકો આપ્યો.

મુળચંદ નઠારા છોકરાઓની સોબતમાં ગમે તેટલો બગડયો હતો પણ સ્વમાન તેને બહુ વ્હાલું

હતું. આ ઠપકો સાંભળી તેનું માથું ભમવા લાગ્યું. હૃદયમાં પશ્ચાતાપ થયો. સાથે એ પણ વિચાર આવ્યો કે મારામાં કાંઈપણ માણસાઇ હોય તો હવે મારે આ ઘરમાં ન રહેવું જોઈએ. અને એક રાત્રે ચુપચુપ ઘર છોડી તે ચાલી નીકળ્યો !

અનેક જાતનાં વિચારતરંગોમાં અથડાતો તે ભાવનગર ગયો. ત્યાં વૃદ્ધિચંદ્ર નામના જૈનાચાર્યનો ઉપદેશ તેના સાંભળવામાં આવ્યો. એ ઉપદેશે તેના મન ઉપર ભારે અસર કરી અને જ્યારે સાંભળ્યું કેઃ—

મૃત્યથી કાં કરે મૂઢ, મૃત્યુ ના છોડે કદા;
ન જન્મે ન મરે કો દિ, અજન્મેય તું શાશ્વત.

એટલે તો મુળચંદના બધા વિચારો પલટાઇ ગયા. તેને સંસાર પ્રત્યે તીવ્ર વૈરાગ્ય આવ્યો અને શ્રમણ-ધર્મ અંગીકાર કરી જીવન વ્યતીત કરવાનો નિશ્ચય કર્યો. એ માટે તેણે માતપિતાની સંમતિ મંગાવી પણ પિતાએ પુત્ર પ્રત્યેની મમતાથી સંમતિ આપી નહિ ! મુળચંદ વિચારમાં પડયો કે શું કરવું ? પણ

તેણે હિંમત ન ગુમાવી. ફરી સંમતિ મેળવવા પ્રયાસ કર્યો અને તેના પિતાએ તેની મનોદશા પારખી સંમતિ આપી. આથી ઈ. સ. ૧૮૮૭ ના મે માસની ૧૨ મી તારીખે મોટી ધામધુમ સહિત તેણે શ્રમણ-ધર્મ અંગીકાર કર્યો. આ પ્રસંગે તેનું મૂળ નામ બદલીને ધર્મવિજય નામ રાખવામાં આવ્યું.

: ૨ :

શ્રમણધર્મના મુખ્ય અંગોમાં અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અને અહિંસાવ્રત ઉપરાંત સ્વાધ્યાયનો પણ સમાવેશ થાય છે એટલે ધર્મવિજયે સ્વાધ્યાયમાં ચિત્ત પરોવ્યું. પણ અત્યાર સુધી જે રીતે જીવન પસાર કર્યું હતું તેના પરિણામે શરૂઆતમાં તેમની બુદ્ધિ મંદ જણાવા લાગી. પરંતુ એકાગ્રતા પૂર્વક એ દિશામાં આગળ વધતાં ધીમે ધીમે બુદ્ધિમાં તેજસ્વિતા આવી ને થોડા વખતમાં તો એમાં અપૂર્વ પ્રકાશ જણાવા લાગ્યો.

સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનાં વ્યાકરણો તેમણે સારી રીતે જાણી લીધાં અને જૈન સૂત્રોનું વાંચન પણ સારી રીતે કરી લીધું. તેમના સમાગમમાં આવનાર માણસ ધર્મવિજયજીનો બુદ્ધિ-ચમત્કાર બહુ સારી રીતે જોઇ

શકયા. પણ આ અરસામાં તેમનો જીવનપંથ ઉજાળનાર, તેમને સન્માર્ગે ચડાવનાર ગુરુએ દેહનો ત્યાગ કર્યો. આથી શ્રી ધર્મવિજયના મન પર ભારે અસર થઈ. જો કે 'વસ્તુ માત્ર વિણસે રે' એ સૂત્ર યાદ કરી તેમણે મનને શાંત કર્યું તો પણ વખતો વખત ગુરુનાં સંસ્મરણો તેમનાં હૃદયમાં ઉભરાઇ આવવા લાગ્યાં.

જૈન શ્રમણો ખાસ કારણ અને ચોમાસા સિવાય એકજ સ્થળે રહેતા નથી. જુદા જુદા ગામોમાં પગપાળાજ મુસાફરી કરે છે. એ રીતે શ્રી ધર્મવિજય પણ હવે ભાવનગર છોડી જુદા જુદા ગામોમાં ફરવા લાગ્યા અને તમામ જાતના લોકોને અહિંસા અને સત્યનો ઉપદેશ આપી પ્રભુ મહાવીરનું જીવનરહસ્ય સમજાવવા લાગ્યા.

સ્વાર્થ વિનાની પ્રેમભરી મધુર વાણી કોને અસર નથી કરતી ? શ્રી ધર્મવિજયજીએ થોડાં સમયમાં કાઠિયાવાડ ગૂજરાતમાં પોતાના અનેક ભકતો ઉત્પન્ન કર્યા. આ વખતમાં તેમણે ન્યાયશાસ્ત્રનો અભ્યાસ પણ સારી રીતે કરી લીધો.

છઠ્ઠા વર્ષે તેઓ પોતાની જન્મભૂમિમાં પાછા ફર્યા. એ વખતે એમના પિતા ગુજરી ગયા હતા અને માતાજ હૈયાત હતા.

એક વખતના તોફાની અને જુગારી મુળચંદને આ સ્થિતિએ પહોંચેલો જોઇ તેમના કુટુંબને કેવો આનંદ થયો હશે?

ધર્મવિજયજીને બધાને મળતાં આનંદ થયો પણ હવે તે એક કુટુંબના મટી સમસ્ત વિશ્વના થયા હતા અને વિશ્વની ચિંતાઓનેજ પોતાની કરી હતી. સમાજની અજ્ઞાન દશા જોઇ તેમને ખૂબ લાગી આવતું અને તે માટે કંઇક ભગીરથ પુરુષાર્થ કરવાની પ્રબળ ભાવના પણ થઈ આવતી. મહુવાનું ચોમાસું પૂરું કરી જ્યારે તેઓ પરિભ્રમણ કરતાં ગૂજરાતમાં આવ્યા ત્યારે એક પછી એક એ ભાવનાઓને મૂર્ત સ્વરૂપ આપવા લાગ્યા. વીરમગામમાં એક સુંદર પુસ્તકાલય સ્થાપ્યું અને તેની નજીકમાં આવેલા માંડળમાં સંસ્કૃત તથા અધ્યાત્મવિદ્યા શિખવનારી પાઠશાળાની શરૂઆત કરી.

પ્રારંભમાં આ પાઠશાળામાં દશ વિદ્યાર્થીઓ દાખલ થયા પણ થોડા વખતના અનુભવ પછી

તેમને જણાયું કે વિદ્યાના ક્ષેત્રમાં સંગીન કાર્ય કરવું હોય તો હિંદની પ્રાચીન વિદ્યાપુરી કાશી જ તેને માટે યોગ્ય ક્ષેત્ર છે. ત્યાં ભિન્ન ભિન્ન દર્શનોના અનેક અધ્યાપકોના સમાગમમાં આવી શકાય અને વિદ્યાર્થીઓને ઘણી ઉચ્ચ કક્ષા સુધીનો અભ્યાસ કરાવી શકાય. પણ આ વિચાર એક જૈન સાધુ માટે ઘણોજ મુશ્કેલ હતો. ગૂજરાતમાંથી ૧૨૦૦–૧૩૦૦ માઇલનો પ્રવાસ અનેક જાતની અગવડો વચ્ચે કરવાનો હતો. રાત્રે આહાર કે પાણી લેવાં નહિ, બધો વખત ઉકાળેલું પાણીજ પીવું અને અમુક પ્રકારનીજ ભીક્ષા લેવી એ કંઇ જેવું તેવું કઠોર જીવન ન ગણાય! વળી ઉતરવા માટે ગમે તેવું સ્થાન મળે તેનાથી ચલાવી લેવું પડે! એથી તેમનો આ નિશ્ચય જ્યારે તેમના ભક્તોએ જાણ્યો ત્યારે તેમનામાં ખળભળાટ મચી ગયો અને તેમણે હાથ જોડીને વિનંતિ કરી: 'ગુરુદેવ! ગૂજરાત છોડી એટલે બધે જવાની શી જરૂર છે? વળી ત્યાં તમારું કોણ છે? માટે આપ આ ભાગમાંજ ફરો. એથી અમારા આત્માને આનંદ થશે!' પણ ધર્મ વિજયજીએ એ વિનંતિનો અવીસ્કાર કરી જણાવ્યું: 'સાધુ પુરુષોએ મુશ્કેલીથી ડરી જઈ અમુક સ્થળે ન જવું તે

વિચાર યોગ્ય નથી. મને ચોકસ ખાતરી છે કે ત્યાં જવાથી દરેક પ્રકારે લાભજ છે!'

પોતાના કાર્યની સિદ્ધિ માટે એક મંગળ પ્રભાતે છ સાધુઓ તથા ૧૦ શિષ્યો સાથે તેમણે ગૂજરાત છોડયું. લોકો આશ્ચર્યચકિત નયને તેમને દૂર દૂર જતા નિહાળી રહ્યા.

: ૩ :

વિદ્યાર્થીઓને ભણાવતાં, શિષ્યોને સહનશીલતાની તાલીમ આપતાં, રસ્તામાં આવતા લોકોને ધર્મનો ઉપદેશ આપતાં અને અનેક મુશીબતો વેઠતાં તેઓ સં. ૧૯૫૯ ની અક્ષય તૃતિયાયે કાશી પહોંચ્યા. કાશીમાં કોઈ પણ માણસ તેમનું પરિચિત ન હતું. વળી જૈનો પ્રત્યે ત્યાંના સનાતની પંડિતોને ભારે સૂગ હતી એટલે પ્રથમ તો સ્થાન મેળવતાં જ બહુ મુશ્કેલી પડી. બહુ પ્રયત્ન પછી એક પુરાણી ધર્મશાળા ઉતરવા માટે મળી શકી. ચાંચડ માંકડ કે જીવજંતુઓનો ત્યાં ટોટો ન હતો. તે બધાંજ આ મંડળીની સહનશીલતાની કસોટી કરતાં હતાં પણ જેઓ અનેક જંગલ અને પહાડો વટાવતાં, લુખા સુકા ભાખરા ખાતાં અહીં આવ્યા હોય તો એવી કસોટીમાં કેમ નિષ્ફળ જાય?

અનેક જાતની વિપરીત પરિસ્થિતિમાં પણ ધર્મ વિજયજીનો નિશ્ચય રજમાત્ર ડગ્યો નહિ. બીજાજ દિવસે નમતા પહોરે પોતાના શિષ્યોને લઇને તે નગરમાં નીકળી પડયા અને ચોકમાં ઊભા રહી ભાષણ આપવાનો પ્રારંભ કર્યો. લોકો આ નવી જાતના સાધુને જોવા કુતુહલથી એકઠા થયા. શ્રી ધર્મવિજયજીનો હિંદી ભાષા પર બહુ સારો કાબુ હોવાથી લોકોને તેમના ભાષણમાં ખૂબ રસ પડયો. તેમના ભાષણની એકંદરે બહુ સારી અસર થઇ. પછી તો હંમેશાં એજ મુજબ નમતા પહોરે તે શહેરમાં નીકળી પડતા અને જુદા જુદા લત્તાઓમાં ઊભા રહીને વ્યાખ્યાનો આપતા. આ વ્યાખ્યાનોએ ટૂંક સમયમાં સમસ્ત કાશીમાં તેમની જાહેરાત કરી દીધી અને વિદ્વાનોની મંડળીઓ પણ વ્યાખ્યાનોમાં રસ લેવા લાગી.

એક બાજુ જ્યારે આ વ્યાખ્યાનોનું કામ ચાલુ હતું ત્યારે બીજી બાજુ પાઠશાળાને માટે કોઈ સારું મકાન શોધવાનું કામ પણ ચાલુ હતું અને તેમાં થોડાજ વખતમાં સફળતા મળી. નંદનસાહુ મહોલ્લામાં અંગ્રેજી કોઠીના નામે ઓળખાતી આખી ઈમારત

મુંબાઈના બે ભકતો દ્વારા ખરીદવામાં આવી અને શ્રી યશોવિજય જૈન પાઠશાળાનું કામ ત્યાં શરૂ થયું.

ધીમે ધીમે આ પાઠશાળા સહુનું ધ્યાન ખેંચવા લાગી અને શ્રી ધર્મ વિજય વધારે અને વધારે ઉત્સાહથી કામ કરવા લાગ્યા. દશ વિદ્યાર્થીની સંખ્યા ધીમે ધીમે ૬૦ ઉપર જઇ પહોંચી.

શ્રી ધર્મવિજયજીએ આ વખતે બીજી બે પ્રવૃત્તિઓ પણ હાથ ધરી. શ્રી હેમચંદ્રાચાર્ય જૈન પુસ્તકાલય અને શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા. પહેલી પ્રવૃત્તિ પાઠશાળાના લાભ પુરતી હતી જ્યારે બીજી પ્રવૃત્તિ જગતના તમામ સાહિત્યરસિકો માટે હતી. આ ગ્રંથમાળામાં એક પછી એક સાહિત્યની દ્રષ્ટિએ મહામૂલાં પુસ્તકો તેમના હાથે સંપાદિત થઈ બહાર પડવા લાગ્યા અને વિદ્વાનવર્ગનું તેણે ઘણું ધ્યાન ખેંચ્યું.

પરંતુ આ બધી પ્રવૃત્તિઓમાં પણ શ્રી ધર્મ વિજય પોતાના વ્યાખ્યાનોને ભુલી ગયા ન હતા. એ ભાષણો એમને વધારે ને વધારે લોકપ્રિય બનાવી રહ્યા હતા. તેમની આ ખ્યાતિ ઠેઠ કાશીનરેશના કાન સુધી પહોંચી અને તેમને પણ આ મહાત્માનો ઉપદેશ સાંભળ-ળવાનું મન થયું. તેમણે એ માટે શ્રી ધર્મવિજયજીને

રાજમહેલમાં પધારવાનું આમંત્રણ પાઠવ્યું. યોગ્ય સમયે શ્રી ધર્મવિજયજી ત્યાં ગયા ત્યારે રાજાએ તેમનું સારી રીતે સ્વાગત કર્યું અને યોગ્ય સ્થાને બેસાડયા. આ વખતે કાશીના અનેક પ્રતિષ્ઠિત વિદ્વાનો પણ ત્યાં આવ્યા હતા. શ્રી ધર્મવિજયજીએ એ બધાની સમક્ષ ધર્મસિદ્ધાન્તોની અદ્‌ભુત રીતે ચર્ચા કરી બધાને મુગ્ધ બનાવ્યા. એ એ દિવસથી શ્રી ધર્મવિજયજીનું સ્થાન કાશીમાં ઘણું ઉન્નત થયું.

ઈ. સ. ૧૯૦૬ ની સાલમાં અલ્હાબાદમાં કુંભનો મેળો ભરાયો તે વખતે ત્યાં 'સનાતન ધર્મ મહાસભા' ની બેઠક પણ ભરવામાં આવી. તેમાં ભાગ લેવાને હિંદભરના પ્રખ્યાત વિદ્વાનોને આમંત્રણ આપવામાં આવ્યાં જેમાં શ્રી ધર્મવિજયજીનું મુબારક નામ પણ હતું. તેઓ આ આમંત્રણ મળતાંજ પોતાના શિષ્ય-મંડળની સાથે કાશીથી વિહાર કરી અલ્હાબાદ આવ્યા અને પરિષદમાં હાજરી આપી. ત્યાં જૈન ધર્મ વિષે એક હૃદયંગમ ભાષણ આપ્યું જે સાંભળી બધા શ્રોતાઓ સ્તબ્ધ થઇ ગયા. દરભંગાના મહારાજા તો એ ભાષણ સાંભળી એવા પ્રસન્ન થયા કે વ્યાખ્યાન પૂરું થતાંજ તેમની સાથે ધર્મચર્ચા કરવાની ઈચ્છા

જણાવી ! અને શ્રી ધર્મવિજયજીએ અનુકુળ સમયે એ જાતની ચર્ચા કરી તેમના મનની અનેક શંકાઓનું સમાધાન કર્યું.

કાશીમાં પોતાની ઇચ્છાઓ ફળીભૂત થયેલી જોઈ તેમણે બિહાર અને બંગાળાની ભૂમિ તરફ પગલાં માંડયાં. આ ભૂમિમાં શ્રી મહાવીર અને બીજા અનેક પવિત્ર પુરુષો જન્મેલાં હોવાથી તેમજ પવિત્ર તીર્થો આવેલાં હોવાથી શ્રી ધર્મવિજયજીને બહુજ આહ્લાદ થયો. સાથેજ એ પ્રજામાં માંસાહારની અતિ પ્રવૃત્તિ જોઈ ખેદ પણ થયો. તેમણે અહિંસા પર બહુજ જોરદાર વ્યાખ્યાનો આપવા માંડયા અને ત્યાંના સેંકડો માણસોએ માંસાહારનો ત્યાગ કર્યો.

ઈ. સ. ૧૯૦૭ માં તેઓ કલકત્તા પહોંચ્યા. અહીં જુદા જુદા વિદ્વાનોનો સમાગમ કર્યો અને ઠેરઠેર અહિંસા પર તથા કાલિપૂજામાં થતો પશુવધ બંધ કરવા બાબત ભાષણો આપી લોકોમાં જાગૃતિ આણી. અહીં પણ ઘણા શ્રીમંત તથા મધ્યમ વર્ગના લોકો તેમના ભક્ત બન્યા.

અહીંથી ન્યાયશાસ્ત્ર માટે અતિ પ્રખ્યાત નવદ્વીપ—નદિયાની મુલાકાત લઈ તેઓ કાશી પાછા આવ્યા. તે

સમયે તેમની વિદ્વતા તથા ચારિત્રથી મુગ્ધ થઈ બનારસ બિહાર બંગાળા તથા બીજા પણ કેટલાક સ્થળના નામાંકિત વિદ્વાનોએ ભેગા મળી કાશીનરેશના અધ્યક્ષપણા નીચે તેમને શાસ્ત્રવિશારદ જૈનાચાર્યની પદવી અર્પણ કરી. વિદ્વાનવર્ગ તરફથી આ જાતનું માન મેળવવું એ જેવું તેવું કામ ન ગણાય !

આ સમયથી તેઓ જૈન સંપ્રદાયના રિવાજ મુજબ શ્રી વિજયધર્મસૂરિના નામથી ઓળખાવા લાગ્યા.

: ૪ :

ગૂજરાત છોડયાં તેમને નવ નવ વર્ષનાં વ્હાણાં વાયાં હતાં. આ નવ વર્ષમાં તો તેમણે જૈન ધર્મનું નામ હિંદભરના વિદ્વાનોમાં જાણીતું કરી મૂકયું હતું ને પાઠશાળા દ્વારા વિદ્વાનોની એક સારી સંખ્યા પણ ઊભી કરી હતી. એમની ગ્રંથમાળા અને યોગશાસ્ત્રની ટીકા ઉપરથી પરદેશી વિદ્વાનો પણ તેમના તરફ આકર્ષાયા હતા અને અનેક રાજ્યકર્ત્તાઓ પણ તેમની વિદ્વત્તાથી તેમને માન આપવા લાગ્યા હતા. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજીના જીવનના આ નવ વર્ષો બહુજ મહત્ત્વના હતા. આટલું કાર્ય કર્યા પછી તેમનો

વિચાર ગૂજરાત ભણી પાછા વળવાનો થયો. આ અરસામાં જ તેમણે અહીંથી 'જૈનશાસન' નામનું એક માસિક શરૂ કર્યું, જેમાં ધર્મદેશના નામે એક લેખમાળા નિયમિત રીતે તેઓ લખવા લાગ્યા. અહીંથી તેઓ અયોધ્યા, ફૈજાબાદ, લખનૌ, કાનપુર, કનોજ, ફરૂકાબાદ, કાયમગંજ, ફીરોજાબાદ વગેરે સ્થળે થઈને ૧૯૧૨ ની વર્ષાઋતુ પહેલાં આગ્રા આવ્યા અને ત્યાં ચાતુર્માસ કર્યું. એ ચાતુર્માસમાં તેમણે કેટલાક મહત્ત્વનાં કાર્યો કર્યાં. જેમાં આગ્રા ખાતેની સુંદર જૈન લાયબ્રેરી તથા કાઠિયાવાડમાં પાલીતાણા ખાતેના જૈન ગુરુકુળની સ્થાપના મુખ્ય હતી. છેલ્લા કેટલાક વર્ષો થયા યૂરોપ-અમેરિકાના વિદ્વાનોને જૈન સાહિત્યનો અભ્યાસ કરવામાં તેમણે સહાય આપવાની શરૂ કરી હતી, તે તો આ વખતે પણ વેગબંધ ચાલુજ હતી.

અહીનું ચોમાસું પૂરું થતાં તેઓ આગળ વધ્યા. મથુરા, વૃંદાવન, ભરતપુર, જયપુર અને અજમેર થઈ બ્યાવર આવ્યા અને દક્ષિણ મારવાડમાં વિહાર કર્યો.

બરાબર આજ અરસામાં જર્મનીના પ્રખ્યાત

વિદ્વાન્ હર્મન જેકોબી હિંદના પ્રવાસે આવ્યા. તેમણે અત્યાર સુધીમાં જૈન સાહિત્યની બહુ સારી સેવા બજાવી હતી, અને તેમાં શ્રી વિજયધર્મ-સૂરિજીની બહુ સારી મદદ મળી હતી. આથી તેમને મળવા તેઓ જોધપુરમાં આવ્યા. આ પ્રસંગનો પૂરતો લાભ લેવાય તે માટે તેમણે જોધપુરમાં એક 'જન સાહિત્ય સંમેલન' ગોઠવ્યું, જેમાં અત્યાર સુધી ઉંડા ભંડારોમાં ગોંધાઈ રહેલાં જૈન પુસ્તકો બહાર આવ્યાં. આ સંમેલન રાજપુતાનાના એજંટ–ટુ–ધી–ગવર્નરના આશ્રય હેઠળ ભરવામાં આવ્યું હતું અને તેના પ્રમુખ કલકત્તાના સુપ્રસિદ્ધ વિદ્વાન ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણ થયા હતા. આ પ્રદર્શનથી ઘણા લોકોને જૈન સાહિત્ય વિષે સાચો ખ્યાલ આવ્યો ને તેમના મનમાં ઘણું માન પેદા થયું.

અહીંથી તેઓ ઓશિયાના પ્રાચીન તીર્થની યાત્રા કરી ગોડવાડ પ્રાંતમાં ફર્યા, જ્યાં શિક્ષણમાં લોકોને બહુ પછાત જોઇ કેટલીક પાઠશાળાઓ સ્થાપી અને શિવગંજમાં ચોમાસું વ્યતીત કર્યું. ત્યારબાદ તેઓ રાણકપુરજી વગેરે તીર્થોની યાત્રા

કરી પ્રસિદ્ધ તીર્થ કેશરિયાજી આવ્યા અને ત્યાંની યાત્રા કરી મેવાડમાં વિચરવા લાગ્યા. અહીં ઉદેપુરના મહારાણાની સાથે તેમને મુલાકાત થઇ, જેમાં સૂરિજીની છાપ તેમના મન ઉપર બહુ ઉંડી પડી. આ ભાગમાં પણ શિક્ષણનો પ્રચાર કરવા ઉપરાંત તેમણે પ્રાચીન તીર્થ દેલવાડાના શિલાલેખોનું સંશોધન કર્યું, જે પાછળથી દેવકુલપાટક નામથી પુસ્તકાકારે પ્રસિદ્ધ થયું છે.

અહીંથી વિહાર કરી તેઓ ગૂજરાતમાં પધાર્યા. આ વખતનું તેમનું આગમન વીર સુભટ વિજય-યાત્રા કરીને ઘેર પાછો આવતો હોય તેવું હતું. છતાં અંધશ્રદ્ધામાં ઉછરેલી અને રૂઢિવાદીઓથી ઉભરાતી જન પ્રજા તેમને જોઇએ તેટલી સમજી શકી નહિ. પરંતુ સમાજના વિદ્વાન્ અને આગે-વાન વર્ગમાં તેમજ બધી જનેતર પ્રજામાં તેમના આગમનથી નવીન પ્રાણનો સંચાર થયો. આ વખતે ગૂજરાત–કાઠિયાવાડમાં પ્લેગ પૂર જોશમાં ફાટી નીકળ્યો હતો અને તેથી મનુષ્યો કીડાની જેમ મરી રહ્યા હતા, છતાં સૂરિજી નિર્ભયપણે ગામેગામ ફરતાં રહ્યા અને તેમની સેવા થાય તે

રીતે ધર્મનો ઉપદેશ આપતા રહ્યા. ગૂજરાતમાં ફરી તેઓ કાઠિયાવાડમાં ગયા.

કાઠિયાવાડના વિહાર દરમ્યાન તેમણે જામનગર, ગોંડળ, વાંકાનેર, ધ્રોળ, સાયલા, પીઠડિયા, બગસરા, વીરપુર, રાજકોટ, પાલીતાણા, પોરબંદર, જુનાગઢ આદિ સ્થળોના મહારાજાઓ કે એડમીની-સ્ટ્રેટરોની મુલાકાત લીધી અને તેમના મનમાં અહિંસાનો સુંદર પ્રભાવ પાડયો. અહીંથી તેઓ પોતાની જન્મભૂમિ મહુવામાં ગયા અને ત્યાં 'શ્રી મહુવા યશોવૃદ્ધિ જૈન બાળાશ્રમ'ની સ્થાપના કરી જે સંસ્થા આજે પણ પોતાનું કાર્ય સુંદર રીતે કરી રહી છે.

અહીંથી ફરી તેઓ ગૂજરાત ભણી વળ્યા અને ખંભાત, ધર્મપુર વગેરે સ્થળોએ થઈ ઈ. સ. ૧૯૧૯માં મુંબઈ પહોંચ્યાં જ્યાં તેમનું ભારે સ્વાગત કરવામાં આવ્યું.

મુંબઇમાં લગભગ બે વર્ષની સ્થિરતા થઈ. તે દરમ્યાન તેમણે અનેક વિદ્વાનો ઉપરાંત મુંબાઈ ઇલાકાના ગવર્નરની પણ મુલાકાત લીધી અને 'શ્રી વીરતત્વ પ્રકાશક મંડળ'ની સ્થાપના કરી.

આજ અરસામાં લંડનના બ્રિટીશ મ્યુઝિયમની ઇન્ડિયન લાયબ્રેરી વિભાગના ક્યુરેટર પ્રસિદ્ધ વિદ્વાન મી. થોમસ મુંબઈ આવ્યા અને તેમણે અત્યંત પ્રેમ અને પૂજ્ય ભાવથી સૂરિજીની મુલાકાત લીધી.

શ્રી વિજયધર્મસૂરિની આ મુલાકાતોએ જૈન ધર્મનુંજ નહિ પણ સારાયે ગૂજરાતનું ગૌરવ વધાર્યું છે. ગુજરાતનો એક વિદ્વાન્ અખિલ હિંદના વિદ્વાનોમાં માન પામે અને પરદેશી વિદ્વાનો પણ જયારે તેના તરફ પૂજ્યભાવ દર્શાવે ત્યારે તે વાત કંઇ સામાન્ય ન ગણાય. મુંબઈ છોડી તેઓ ઉત્તર હિંદ ભણી ગયા અને શિવપુરી ( ગ્વાલીયર રાજ્ય ) માં સ્થિરતા કરી.

સાહિત્યસેવામાં અત્યાર સુધીમાં તેઓ નીચેની અંજલિ સમર્પી ચૂકયા હતાઃ—

અહિંસાદિગ્દર્શન, જૈન તત્ત્વદિગ્દર્શન, જૈન શિક્ષાદિગ્દર્શન, પુરુષાર્થદિગ્દર્શન, ઇંદ્રિય પરાજય દિગ્દર્શન, બ્રહ્મચર્ય દિગ્દર્શન, આત્મોન્નતિ દિગ્દર્શન, ધર્મદેશના, પ્રમાણ પરિભાષા, ઐતિહાસિક તીર્થમાળા સંગ્રહ, ઐતિહાસિક રાસસંગ્રહ ભાગ ૧–૨–૩, દેવકુલ પાટક તથા યોગશાસ્ત્ર પરની

વિદ્વત્તા ભરી ટીકાનું સંપાદન. આ ઉપરાંત તેમણે યૂરોપ–અમેરિકાના વિદ્વાનોને જૈન સાહિત્યના અભ્યાસમાં જે મદદ કરી, તેનું મૂલ્ય તો આંકી શકાય તેમજ નથી. તેમની પ્રેરણા અને મદદ પામેલા કેટલાક વિદ્વાનોનાં નામ નીચે મુજબ છેઃ—

ડૉ. હર્ટલ, ડૉ. ફીનો, ડૉ. જોલી, ડૉ. ટુચ્ચી, ડૉ. શુબ્રીંગ, ડૉ. મીસ જોહોન્સન, ડૉ. જેકોબી, ડૉ. થોમસ, ડૉ. બેલોની, ડૉ. હુલ્રીશ, ડૉ. મીરૉનો. ડૉ. મિસક્રૌઝે, ડૉ. કોનો, ડૉ. નોબલ, ડૉ. લ્યૂમેન, ડૉ. સ્વૉલી, ડૉ. કીરફ્લ, ડૉ. હેલ્મોથ, મિ. વૉરન, ડૉ. નેગલીન, ડૉ. લેવી, ડૉ. સ્ટાઇન, ડૉ. કાર્પેન્ટીયર, ડૉ. ઝીમ્મર, ડૉ. બ્લૂમા, ડૉ. પર્ટોલ્ડ, ડૉ. વિન્ટર્નેઝ વગેરે.

હિંદમાં પણ અનેક વિદ્વાનો તેમનાથી જૈન ધર્મનો અભ્યાસ કરવા પ્રેરાયા હતા. સંસ્કૃત, પ્રાકૃત, પાલી, હિંદી, જુની ગૂજરાતી અને ગૂજરાતી એ ભાષાઓ પર તેમનો બહુ સારો કાબુ હતો. તેઓ એશિયાટિક સોસાયટી બેંગાળ, એશિયાટિક સોસાઈટી ઈટાલી અને જર્મન ઓરીએંટલ સોસાઈટીના માનવંત મેમ્બર હતા.

પોતાની પાછળ તૈયાર કરેલી શિષ્યમંડળી પણ નિર્ભય અને તેજસ્વી હતી.

આજે જૈન સમાજમાં રૂઢી સામે જેહાદ જગાડવામાં એ શિષ્યોનું સ્થાન ઘણું આગળ પડતું છે.

જીંદગીની છેલ્લી ક્ષણ સુધી તેઓ કર્મયોગી રહ્યા હતા અને તેથી નશ્વરદેહને છોડતાં તેમના મનને અસંતોષ ન રહે તે દેખીતું છે. છતાં સમાજની આધુનિક મનોદશા જોઈ તેમના હૃદયમાં અસંતોષની આગ ભડભડાટ સળગ્યા કરતી. સંવત ૧૯૭૮ ના ભાદરવા સુદ ૭ ના અરસામાં તેમની તબીયત વધારે નરમ થઈ. બરાબર આજ વખતે પ્રખ્યાત ફ્રેંચ વિદ્વાન ડૉ. સિલ્વન લેવી તેમની પત્ની સાથે તેમના દર્શનાર્થે શીવપુરીમાં પધાર્યા. પોતાની તબીયત ગંભીર હોવા છતાં તેમણે શિષ્યોને આજ્ઞા કરી કે 'મારી તબીયત જરા પણ સ્વસ્થ જણાય કે આ સરસ્વતી ઉપાસકને મારી પાસે લઈ આવજો. ધર્મ સંબંધી મારે તેની સાથે ઘણી વાતો કરવી છે.' એ

વિદ્વાન ચાર દિવસ સુધી ત્યાં રહ્યા. તેમાં ઘણી વાતો થઈ. શ્રી વિજયધર્મસૂરિની કર્ત્તવ્ય પ્રત્યેની આ અડગ વફાદારી તથા તેમનું અગાધ જ્ઞાન અને અજબ પ્રતિભા જોઇ તે વિદ્વાનના મુખમાંથી ઉદ્ગાર સરી પડયા કે "આ સંસારમાં મેં આમના જેવો કોઇ પ્રતિભાશાળી પુરુષ જોયો નથી." બીજા પણ અનેક વિદ્વાનોએ તેમના માટે આવાજ શબ્દો ઉચ્ચાર્યા હતા.

શ્રી વિજયધર્મસૂરિજીને એ નિશ્ચય થઇ ચૂકયો હતો કે આ માંદગી જીવલેણ છે અને પોતે ભાદરવા સુદી ૧૪ના પ્રાતઃકાળમાં દેહ છોડી દેશે. આથી પોતાની પાસેનાં સઘળાં પુસ્તકો વગેરે આગ્રાવાળા દાનવીર શેઠ લક્ષ્મીચંદજીને સુપ્રત કર્યા અને તેના પર કોઈપણ શિષ્યનો હક્ક ન રહે તે માટે તેનું એક સાર્વજનિક પુસ્તકાલય બનાવવાની સૂચના કરી. શેઠ લક્ષ્મીચંદજીએ પણ તે માટે એક મકાન બંધાવવાની જાહેરાત કરી. આજે સૂરિજીનો આ અમૂલ્ય ગ્રંથસંગ્રહ કે

જેની સંખ્યા લગભગ ૨૦૦૦૦ જેટલી છે, અને જેમાં લગભગ ૧૦૦૦૦ પુસ્તકો હસ્તલિખિત છે, તે 'શ્રી વિજયધર્મલક્ષ્મી જ્ઞાનમંદિર' નામથી આગ્રામાં મોજુદ છે. આ રીતે બીજી સર્વ વસ્તુ પરનો મોહ ત્યાગી એક આસને સ્થિર થયા અને વીર વીરનો જાપ જપતા અનંત ચતુર્દશીના ઉઘડતા પ્રભાતે તેમણે નશ્વરદેહને છોડી દીધો! ગૂજરાતનો એક સાચો સંત, કર્મયોગી મહાન નરવીર સદાને માટે ચાલ્યો ગયો! ડૉકટરો બાજુએ જઈ અશ્રુપાત કરવા લાગ્યા. શિષ્યમંડળ શોકસાગરમાં ગરકાવ થઈ ગયું. આ સમાચાર વિજળી વેગે સારાએ હિંદુસ્તાનમાં ફેલાઈ ગયા. એશોસીએટેડ પ્રેસે આ સમાચાર દરિયા પારના દેશોમાં પણ ભારે ત્વરાથી પહોંચાડી દીધા.

શિવપુરીના અઢારે વર્ણના લોકો અને રાજ્યના અમલદારો એમના અગ્નિસંસ્કાર સમયે હાજર રહ્યા. ચંદનની ચિતામાં 'જય જય નંદા! જય જય ભદ્દા!' ના સ્વરો વચ્ચે એ મહાપુરુષની કાયા ભસ્મ બની ગઇ.

આ દિવસે ઠેરઠેર શોકસભાઓ ભરવામાં આવી અને દિલગીરી બતાવતા સેંકડો તારો શિવપુરીમાં આવવા લાગ્યા. હિંદુસ્તાન ભરનાં પત્રોએ એમના દેહવિલય માટે દિલગીરી બતાવી તથા તેમના પ્રેરણાત્મક જીવનનું સ્મરણ કર્યું. દરિયાપારના દેશોએ પણ આ શોકસમાચાર તેમની જ્વલંત જીવનકથા સાથે વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરી.

મહારાજા માધવરાય સિંધિયા ગ્વાલીયર સરકારે તેમની અગ્નિસંસ્કાર ભૂમિની પવિત્ર યાદગિરી રાખવા માટે તેની આસપાસની કેટલીક જમીન શિવપુરીના જૈન સંઘને સમર્પણ કરી જયાં પાછળથી તેમનું ભવ્ય સમાધિમંદિર બંધાયું છે.

## ચોથી શ્રેણી

૬૧ શ્રી ગજાનન
૬૨ શ્રી કાર્તિકેય
૬૩ ચંદ્રહાસ
૬૪ ભક્ત સુધન્વા
૬૫ શ્રીહર્ષ
૬૬ રસકવિ જગન્નાથ
૬૭ ભક્ત નામદેવ
૬૮ શ્રીહેમચંદ્રાચાર્ય
૬૯ છત્રપતિ શિવાજી
૭૦ સમર્થ સ્વામી રામદાસ
૭૧ ચાંદબીબી
૭૨ ગુરુ નાનક
૭૩ મહાત્મા કબીર
૭૪ ગૌરાંગ મહાપ્રભુ
૭૫ લાલા લજપતરાય
૭૬ શ્રી ચિત્તરંજનદાસ
૭૭ શ્રી ત્રિભુવનદાસ ગજ્જર
૭૮ શ્રી સુરેન્દ્રનાથ બેનરજી
૭૯ શ્રી વિજયધર્મસૂરિ
૮૦ શ્રી પ્રફુલ્લચંદ્રરોય

## પાંચમી શ્રેણી

૮૧ પાર્વતી
૮૨ શ્રી શંકરાચાર્ય
૮૩ શ્રીમદ્ વલ્લભાચાર્ય
૮૪ શ્રી માધવાચાર્ય
૮૫ શ્રી રામાનુજાચાર્ય
૮૬ મહારાજા કુમારપાળ
૮૭ ગુરુ ગોવિંદસિંહ
૮૮ રણજીતસિંહ
૮૯ લક્ષ્મીબાઈ
૯૦ શ્રી કેશવચંદ્રસેન
૯૧ શ્રી ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર
૯૨ મહાદેવ ગોવિંદ રાનડે
૯૩ દાદાભાઈ નવરોજજી
૯૪ શ્રી ગોપાળકૃષ્ણ ગોખલે
૯૫ સ્વામીશ્રદ્ધાનંદજી
૯૬ શ્રી અમૃતલાલ ઠક્કર
૯૭ શ્રી જવાહરલાલ નેહરૂ
૯૮ શ્રી સુભાશચંદ્ર બોઝ
૯૯ શ્રી. સેનગુપ્તા
૧૦૦ તારામંડળ

## છઠ્ઠી શ્રેણી

૧૦૧ મહાદેવી સીતા
૧૦૨ નાગાર્જુન
૧૦૩ વીરાંગના કર્મદેવી
૧૦૪ વીર વનરાજ
૧૦૫ હૈદરઅલી
૧૦૬ મહાકવિ પ્રેમાનંદ
૧૦૭ સર ટી. માધવ[illegible]
૧૦૮ જામ રણજી[illegible]
૧૦૯ ઝંડૂ ભટ્ટજ[illegible]
૧૧૦ શ્રી. ગો[illegible]
૧૧૧ કવિ [illegible]
૧૧૨ કમલાદેવી ચટ્ટોપાધ્યાય
૧૧૩ વીર લધાભા
૧૧૪ સૌંદર્યધામ કાશ્મીર
૧૧૫ નૈનીતાલ
૧૧૬ ગિરનાર
૧૧૭ દ્વારિકા
૧૧૮ પાટનગર દિલ્હી
૧૧૯ મ્હૈસુર
૧૨૦ તાજમહાલ

## સાતમી શ્રેણી

૧૨૧ શ્રી ઋષભદેવ
૧૨૨ ગોરક્ષનાથ
૧૨૩ વીર કુણાલ
૧૨૪ અકબરશાહ
૧૨૫ મહામંત્રી મુંજાલ
૧૨૬ કવિ દયારામ
૧૨૭ જયકૃષ્ણ ઈંદ્રજી
૧૨૮ શ્રી સયાજીરાવ ગાયકવાડ
૧૨૯ મહાવીરપ્રસાદ દ્વિવેદી
૧૩૦ મહાકવિ નાનાલાલ
૧૩૧ આચાર્ય ગિદવાની
૧૩૨ અબ્દુલ ગફારખાન
૧૨૩ સોરઠી સંતો
૧૩૪ નેપાલ
૧૩૫ મહાબળેશ્વર
૧૩૬ અમરનાથ
૧૩૭ બદ્રિકેદારનાથ
૧૩૮ કલકત્તા
૧૩૯ પાટણ
૧૪૦ અનુપમ ઇલ[illegible]રા

# વિદ્યાર્થી વાંચનમાળા

## આઠમી શ્રેણી

૧૪૧ ગુરુ દત્તાત્રય
૧૪૨ ઉદયન–વત્સરાજ
૧૪૩ મહાત્મા આનંદઘન
૧૪૪ વસ્તુપાલ-તેજપાલ
૧૪૫ શામળભટ્ટ
૧૪૬ કવિ નર્મદ
૧૪૭ વીર સાવરકર
૧૪૮ જમશેદજી ટાટા
૧૪૯ કવિ કલાપી
૧૫૦ પ્રો. સી. વી. રામન
૧૫૧ શાહ સોદાગર જમાલ
૧૫૨ શ્રી રાજગોપાલાચાર્ય
૧૫૩ શ્રીમતી કસ્તુરબા
૧૫૪ દાર્જીલીં
૧૫૫ ટોકામ
૧૫૬ અ
૧૫૭ કાશી–અ
૧૫૮ જયપુર
૧૫૯ હૈદ્રાબાદ
૧૬૦ કાવેરીનાજ

## નવમી શ્રેણી

૧૬૧ શ્રી જ્ઞાનદેવ
૧૬૨ ગોરક્ષનાથ
૧૬૩ ઉપા૦ યશોવિજયજી
૧૬૪ વીર બાલાજી
૧૬૫ નાના ફડનવીસ
૧૬૬ શ્રી દ્વિજેન્દ્રલાલ રાય
૧૬૭ રાજા રામમોહનરાય
૧૬૮ શિલ્પી કર્માકર
૧૬૯ પં. વિષ્ણુ દિગંબર
૧૭૦ શ્રી રામાનંદ ચેટરજી
૧૭૧ ભગવાનલાલ ઈંદ્રજી
૧૭૨ બાબુ રાજેન્દ્રપ્રસાદ
૧૭૩ મૌ. અબુલ કલામ આઝાદ

## દશમી શ્રેણી

૧૮૧ શ્રી એકનાથ
૧૮૨ હજરત મહમ્મદ પયગમ્બર
૧૮૩ અશો જરથુસ્ત્ર
૧૮૪ મહારાણી અહલ્યાબાઈ
૧૮૫ શ્રી અવનીંદ્રનાથ ઠાકુર
૧૮૬ શ્રી રમેશચંદ્ર દત્ત
૧૮૭ શ્રી ગૌરીશંકર ઓઝા
૧૮૮ શ્રી કૃષ્ણમૂર્તિ
૧૮૯ સંતકવિ પઢિયાર
૧૯૦ ચિત્રકાર રવિવર્મા
૧૯૧ ડૉ. અન્સારી
૧૯૨ હિંદના અદ્ભુત યોગીઓ
૧૯૩ આબૂ
૧૯૪ શત્રુંજય
૧૯૫ ગોમટેશ્વર
૧૯૬ અમદાવાદ
૧૯૭ લખનૌ
૧૯૮ વડોદરા
૧૯૯ અજંતાની ગુફાઓ
શ્રેણી ને સંપાદક

Serving JinShasan
090754
gya..mandir@kobatirth.org

પ્રકાશક: ધીર… …, અમદાવાદ.
…પોળ, અમદાવાદ.